# ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં 'નમસ્કાર-મંગલ'

નિર્ગ્રન્થ-દર્શનના શ્વેતાંબર તેમ જ દિગંબર સંપ્રદાય(તથા તે બન્નેના પેટા ફિરકાઓ)ને મંગલરૂપે "પંચપરમેષ્ઠી-નમસ્કાર" સમાન રૂપેણ માન્ય હોવા ઉપરાંત તેનું ઉપાસનામાં પ્રાક્મધ્યયુગથી તો સર્વાધિક મહત્ત્વ પણ સ્થપાયેલું છે. પ્રસ્તુત મંગલનો **ષટ્ખંડાગમ**(પ્રાયઃ ઈસ્વી ૪૭૫-૫૨૫)ને આધારે પ્રચલિત દિગંબર પાઠ (અને કોઈ કોઈ દાખલામાં તો શ્વેતાંબર પણ) આ પ્રમાણે છે[૧] :

**णमो अरिहंताणं ।**
**णमो सिद्धाणं ।**
**णमो आयरियाणं ।**
**णमो उवज्झायाणं ।**
**णमो लोए सव्वसाहूणं ।**

આ 'નમસ્કાર-મંગલ'નું મોડેથી માંત્રિક દૃષ્ટિએ મહત્ત્વ સ્થપાવાથી તેને 'મંગલ'ને બદલે 'મંત્ર'નું અભિધાન પ્રાપ્ત થયું. તદતિરિક્ત એમાં સીધી રીતે નહીં નીકળી શકતા અનેકાનેક અને તાત્ત્વિક ઊંડાણભર્યા અર્થો કાઢવામાં આવ્યા, અને હજી આવી રહ્યા છે.

પ્રભાવક અને સિદ્ધિદાતા-મંત્રરૂપે મનાતું આ મંગલ તળપદા જૈન-ગુજરાતીમાં 'નોકાર' કહેવાય છે[૨], જે 'નવકાર' શબ્દ પરથી નીપજ્યું હશે; પણ અસલી આગમિક નામાભિધાન, મૂળ અર્ધમાગધી ભાષા અનુસાર તો, 'નમુક્કાર' (પાઠાંતરે વા પ્રકારાન્તરે 'નમોક્કાર') છે, જેનું સંસ્કૃત ભાષાનું શુદ્ધ રૂપ 'નમસ્કાર' છે. ઉપર્યુક્ત પાંચ પદોમાં નીચેનાં ચાર પદો નિર્યુક્તિકાળે જોડવામાં આવતાં મૂળનું 'નમસ્કાર મંગલ', પછીનો 'નવકાર મંત્ર', નવપદયુક્ત બને છે :

**एसो पंच नमुक्कारो**
**सव्व पावप्पणासणो ।**
**मंगलाणं च सव्वेसिं**
**पढमं हवइ मंगलम् ॥**

પણ આ વધારાનાં ચાર પદો[૩] તો ઉપર્યુક્ત પંચ-નમસ્કારની કેવળ ફલ-પ્રશસ્તિરૂપે જ છે; એ મૂળ મંગલનો પાઠાંશ નથી, અને એ કારણસર ઈસ્વી છઠ્ઠી સદીથી બહુ પ્રાચીન પણ નથી. **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ**(વર્તમાન સંકલન પ્રાયઃ ઈસ્વી ૩જી શતાબ્દી)ના ગ્રંથારંભે કે **આવશ્યકસૂત્ર**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સંકલન પ્રાયઃ ઈસ્વી ૪૭૫-૫૦૦)ના આદિ નમસ્કાર-મંગલ રૂપે મળતા પાઠમાં આ વિશેષ ચાર પદો નથી. સંભવતઃ **આવશ્યકનિર્યુક્તિ**(પ્રાયઃ ઈસ્વી ૫૨૫)માં તેના થયેલા સર્વપ્રથમ પ્રવેશ બાદ તેના આધારે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ કૃત **વિશેષાવશ્યકભાષ્ય**(પ્રાયઃ ઈસ્વી ૫૮૫)માં એનો સૌ પ્રથમ સ્પષ્ટ રૂપે, ખાસ કરીને તેની સ્વોપજ્ઞ વ્યાખ્યામાં, નિર્દેશ થયેલો જોવા મળે છે[૪]. દિગંબરોમાં એ ચાર મૂળે મહારાષ્ટ્રી પ્રાકૃતમાં રચાયેલાં પદો શૌરસેની પ્રાકૃત અનુસારે મળે છે.

'પંચનમસ્કાર'માં અર્હતો, સિદ્ધો, આચાર્ય, ઉપાધ્યાય અને લોકમાં વિચરમાન સર્વ સાધુ-સંતોને ક્રમવાર વંદના દીધી છે. નિર્દોષ એવાં આ પદોના મૂલાર્થમાં સીધી રીતે તો કોઈ મંત્રાત્મકતા કે તંત્રમૂલકતાનો ભાવ કે સ્પર્શ નથી. અસલમાં આ પાંચ પદ કેવળ સૂત્રારંભે (એવં ધર્મકાર્યમાં) માંગલિક વચન રૂપે પઠન કરવા માટે રચવામાં આવેલાં; પણ મોડેથી એની પરમ પ્રભાવકતા વિશેની માન્યતાઓ પ્રચારમાં આવી, અને પછીથી તો તેના સમર્થનમાં મહિમાપરક કથાઓ પણ ઘડી કાઢવામાં આવી : અને આ 'નમસ્કાર-મંગલ' એ રીતે નવપદયુક્ત 'નવકાર-મંત્ર'રૂપે ઘોષિત થયું, ઠરી ચૂક્યું, અને આજે તો એના મહિમાની અપારતા વર્ણવતાં, એમાં અનેક ગૂઢાર્થો અને એના સ્મરણ-જપનથી થતા પારાવાર લાભોની વાતો કથનાર અનેક લેખો-પુસ્તકોનું સર્જન થઈ ચૂક્યું છે, થતું રહ્યું છે.

પ્રાચીન કાળે, અર્હત્ વર્ધમાન પછીના સમીપના સમયમાં, એટલે કે નિર્ગ્રન્થ આગમોની પ્રથમ વાચના—પાટલિપુત્ર વાચના (પ્રાયઃ ઈ૦ સ૦ પૂ૦ ૩૦૦) સમયે કે તે પછીની કેટલીક સદીઓ સુધી—આ 'નમસ્કાર-મંગલ'ની શું સ્થિતિ રહી હતી તે જોતાં બે વાત તો પ્રથમ દૃષ્ટિએ જ સ્પષ્ટ બની રહે છે : ૧) નમસ્કાર-મંગલમાં પુરાતન કાળે પ્રથમનું કેવળ એક જ પદ યા વિકલ્પે પ્રથમનાં બે જ પદો જ્ઞાત હતાં; ૨) પદોના કેટલાક શબ્દોનાં વર્તમાને પ્રચલિત મહારાષ્ટ્રી પ્રાકૃત રૂપથી અસલી અર્ધમાગધી રૂપો ભિન્ન હતાં : આ બે મુદ્દા પ્રસ્તુત મંગલના ઇતિહાસમાં ઘણું જ મહત્ત્વ ધરાવતા હોઈ કંઈક વિસ્તારથી તે વિશે સાધાર-સપ્રમાણ વિચાર કરીશું.

બે'એક દશકા પહેલાં મહારાષ્ટ્રમાં મળી આવેલી પાલેની ગુફાઓમાંની એકના ટૂંકા શિલાલેખ(ઈ૦ સ૦ પૂ૦ બીજી-પહેલી સદી)માં[૫], અને મથુરાના શકકાલીન એવં કુષાણકાલીન સમયમાં (ઈસ્વીસન્‌ની દ્વિતીય-તૃતીય શતાબ્દીના આરંભના બેત્રણ દશકોમાં)[૬] કેવળ એક જ પદ, પ્રચલિત પંચનમસ્કારનું પહેલું પદ માત્ર, મળે છે : અને ત્યાં પાઠ છે नमो अरहतानं (કે વિકલ્પે नमो अरहंतानं). કલિંગસમ્રાટ મહામેઘવાહન ખારવેલના કુમારગિરિની હાથીગુફામાં છતમાં કોરેલ મોટા પ્રશસ્તિલેખ(પ્રાયઃ ઈ૦ સ૦ પૂ૦ ૫૦)માં બે પદો મળે છે : नमो अरहंतानं તથા ત્યાં તે પછી તરત જ नमो सवे सिधानं એમ કોર્યું છે[૭]. પ્રચલિત પાઠના બાકીનાં ત્રણ પદો એ કાળે તો ક્યાંયે પણ જોવા મળતાં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસ્તવમાં 'પંચનમસ્કાર'નો પૂરો પાઠ સૌ પહેલાં **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ**(પ્રાયઃ ઈસ્વી ૨જી-૩જી શતાબ્દી)ના પ્રમાણમાં જૂની પ્રતોના આધારે નિશ્ચિત કરેલા પાઠના મંગલમાં જોવા મળે છે[૮]: યથા :

**नमो अरहंताणं**
**नमो सिद्धाणं**
**नमो आयरियाणं**
**नमो उवज्झायाणं**
**नमो लोए सव्व साहूणं**

આ પાઠમાં અર્થની દૃષ્ટિએ તો નહીં પણ વર્ણની દૃષ્ટિએ એક વિકાર આવ્યો છે : અહીં જ્યાં અર્ધમાગધી અનુસાર (અને પ્રાચીનતમ અભિલેખો પ્રમાણે 'नं' હોવું જોઈએ ત્યાં મહારાષ્ટ્રી પ્રાકૃત અનુસારનું 'णं' થઈ ગયું છે. આ પછી પુરાણા 'ષડાવશ્યક'ના, મૂળે પૃથક્ રૂપે રહેલા, છ પાઠોના સંકલન તેમ જ તદંતર્ગત ક્રમેક્રમે થયેલાં ઉમેરણોથી ઈસ્વીસન્‌ના પંચમ શતકના આખરી ચરણના અરસામાં તૈયાર થયેલ **આવશ્યકસૂત્ર**ના, પુરાણી પ્રતોને આધારે નિશ્ચિત થયેલ પાઠમાં પણ नं ને સ્થાને णं જ જોવા મળે છે અને વિશેષમાં ત્યાં नमो अरहंताणं ને સ્થાને नमो अरिहंताणं પાઠ થયો હોવાનું વરતાય છે. આમ મૂળનો 'અરહંત' શબ્દ અહીં પહેલી જ વાર, આજે તો સર્વત્ર પ્રચલિત, 'અરિહંત' રૂપે મળે છે. તે પછી તુરતના કાળમાં દાક્ષિણાત્ય (સંભવતઃ મૂળે યાપનીય, વર્તમાને દિગંબર) પરંપરાના આગમતુલ્ય ગ્રંથ **ષટ્‌ખંડાગમ**(પ્રાયઃ ઈસ્વી ૪૭૫-૫૨૫)માં પાંચે પદોમાં नमो ને સ્થાને णमो જેવું સવિશેષ પ્રાકૃત રૂપ મળે છે, જેવું પછીથી શ્વેતાંબર પક્ષે કોટ્યાચાર્યની **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**(પ્રાયઃ ઈસ્વી૰ ૭૨૫)માં પણ બન્યું છે અને એનાથી થોડાંક વર્ષ પહેલાં જિનદાસગણિ મહત્તરની **અનુયોગદ્વારચૂર્ણિ**માં પણ સૂચિત છે[૯] : અને પ્રથમ પદમાં પ્રાચીન રૂપ अरहंतानंને સ્થાને **આવશ્યકસૂત્ર**માં મળે છે તે જ પ્રમાણે 'अरिहंताणं' શબ્દ મળે છે. આમ મૂળના પદનું नमो अरहंतानं→नमो अरहंताणं→नमो अरिहंताणं→णमो अरिहंताणंમાં તબક્કાવાર પરિવર્તિત થયું. આને લીધે આ પ્રથમ પદના અર્થનો વિપર્યાસ પણ થયો. 'અરહ' (અને તેનાથી નિષ્પન્ન બહુવચનમાં 'અરહા' [માનાર્થે] અને બહુવચનમાં 'અરહંત' શબ્દ) મૂળ સંસ્કૃત 'અર્હત્' પરથી બન્યા છે, અને 'અર્હત્' શબ્દ વેદકાલીન છે. એનો ત્યાં અર્થ કેવળ 'યોગ્ય' વા 'સુપાત્ર' એવો થતો અને પછીથી 'પૂજ્ય', 'આદરણીય', 'સમ્માનીય' એવો થતો હતો. બૌદ્ધ સરખી અન્ય શ્રમણપરંપરામાં પણ મોડે સુધી એ જ અર્થમાં, અધ્યાત્મ-શોધમાં આગળ નીકળી ગયેલ ધ્યાની મુનિઓ-આચાર્યો માટે, વપરાતો; પણ નિર્ગ્રન્થ-દર્શનમાં તો 'અર્હત્' શબ્દને 'જિન' (તપસ્વી અને ઇન્દ્રિયજેતા હોવાથી) અને 'કેવલી' (મૂળે ધ્યાનરત, આત્મપ્રવણ, એકાકી મુનિ) શબ્દનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્યાય ગણાવા અતિરિક્ત તેનો અર્થ ઈસ્વીસન્‌ની આરંભની સદીઓથી "સર્વજ્ઞ-સર્વદર્શી" પણ થઈ ગયો; ને તેની સાથે અર્હત્ 'તીર્થ' એટલે કે 'ધર્મસંપ્રદાય'ના સ્થાપક, "તીર્થંકર", હોવાને કારણે તેના પણ પર્યાય રૂપે ગણાવા લાગ્યો; ને સાથે જ, ગુપ્તકાળથી, 'અર્હત્'ને વિશેષ વિભૂતિઓથી વિભૂષિત-સંવેષ્ટિત માનવામાં આવ્યા; જેમકે ૩૪ અતિશય, દેશના દેતે સમયે દિવ્ય સમવસરણની દેવનિર્મિત રચના, વિભૂતિઓનું—અષ્ટમહાપ્રાતિહાર્યોનું—પ્રાકટ્ય, ઇત્યાદિ. 'અર્હત્'નું મૂળ અર્ધમાગધી 'અરહ' અને માનાર્થે 'અરહા'રૂપ બદલીને થયેલું 'અરિહા' (દાક્ષિણાત્ય પ્રાકૃતમાં અરુહા) અને તેમાંથી નિષ્પન્ન બહુવચન 'અરિહંત' વસ્તુતયા ગુપ્તકાળ પૂર્વેનાં નથી : એ જ યુગમાં થઈ ગયેલા બૌદ્ધ વ્યાખ્યાતા અટ્ઠકથાકાર બુદ્ધઘોષે પણ તેનો બૌદ્ધ સાહિત્યમાં પ્રથમ જ વાર ઉપયોગ કર્યો છે : પણ એક વાર 'અરિહંત' શબ્દ પ્રચારમાં આવ્યા બાદ આવશ્યકનિર્યુક્તિકાર (પ્રાયઃ ઈસ્વી ૫૨૫), **આવશ્યકસૂત્ર**ના ભાષ્યકારો (છઠ્ઠી સદી ઉત્તરાર્ધ) તથા ટીકાકારોએ(૮મીથી લઈ મધ્યકાળ પર્યંત) 'અર' અને 'હંત' એવો સમાસ કલ્પી તેનો અર્થ 'આઠ કર્મ રૂપી શત્રુઓને હણનાર' એવો કર્યો ! આમ મૂળ શબ્દ 'અર્હત્'ના રૂપથી, તેમ જ તેના અસલી આશયથી પણ, ઘણું ઘણું છેટું પડી ગયું[૧૦].

હવે ઊભો થતો પ્રશ્ન એ છે કે પ્રાચીન કાળે શરૂઆતનાં બે જ પદોમાં કુષાણકાળના અંત પૂર્વે વૃદ્ધિ થઈ પાંચ પદો બનાવવાનું કારણ શું હશે ? નિર્ગ્રન્થના ઇષ્ટદેવ, સંસારમાં મહામુનિ રૂપે 'અર્હત્' અને મુક્તાત્મા રૂપે 'સિદ્ધ'ને નમસ્કાર કરવા પૂરતી જ રહેલી મૂળ વાત તો સમજાય તેવી છે. પણ 'આચાર્ય' અને 'ઉપાધ્યાય'ને નમસ્કાર-મંગલમાં શા માટે સમાવિષ્ટ કરવામાં આવ્યા ? **ચત્તારિમંગલમ્-સ્તોત્ર** ઈસ્વીસન્‌ના આરંભમાં રચાયેલાં ચાર પદોમાં 'અરિહંત', 'સિદ્ધ', 'સાધુ', અને 'કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ'ને જ મંગલ રૂપ માન્યા છે. 'આચાર્ય' અને 'ઉપાધ્યાય'નો ત્યાં ઉલ્લેખ નથી. નમસ્કારમંત્રમાં આ **ચત્તારિમંગલમ્-સ્તોત્ર**ના 'સાધુ મંગલમ્' પદના પ્રભાવે 'સાધુ' શબ્દ નમસ્કારમંગલમાં પ્રવિષ્ટ બન્યો હશે. ઈસ્વીસન્‌ના આરંભના શતકોમાં શિષ્યોના ગુર્વાદિ સાથેના વર્તાવમાં આવી ગયેલ કેટલાંક અવાંછનીય તત્ત્વો—ઉદ્દંડતા, ઉચ્છૃંખલતા, અવજ્ઞા, તોછડાપણું, અને ઘમંડ—કારણભૂત હશે ? **ઉત્તરાધ્યયનસૂત્ર**ના તથા **વ્યવહારસૂત્ર**નાં કેટલાંક સૂત્રો જોતાં આવી અટકળ થઈ શકે. નાફરમાની, ઉદ્ધત અને અભિમાની શિષ્યોને કારણે વિનયભંગના પ્રસંગો, દાખલાઓ જૂના કાળે બન્યા હશે, બનતા હશે; આથી એક તરફથી વિનયપાલનના નિયમોમાં એવી હકીકતો સામે લાલબત્તી ધરી દેતી ગાથાઓ[૧૧] તેમ જ સામાચારીના નિયમોમાં દંડાત્મક સૂત્રો દાખલ કરવામાં આવ્યાં[૧૨] અને બીજી બાજુ 'નમસ્કાર' સરખા વંદનાત્મક 'મંગલ'ના મૂળે એક યા બે પદોવાળા સંઘટનમાં વર્ધન કરી 'અર્હત્' એવં 'સિદ્ધ' પછી સંઘના મુખિયા રૂપે, સાર્થ વાચના દેનાર 'આચાર્ય'ને, અને સૂત્રપાઠો શુદ્ધોચ્ચાર તેમ જ પાઠશુદ્ધિ સહિત ભણાવનાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ઉપાધ્યાય'ને, તેમ જ સાથે જ વિશ્વમાં વિચરમાન તમામ (ચારિત્ર્યશીલ) સાધુઓને પણ સમાવી લેવામાં આવ્યા[૧૩].

नमो अरहंतानं મંગલ પદની પ્રાચીનતા પ્રમાણોના આધારે ઈસ્વીસન્ પૂર્વેની બીજી શતાબ્દી સુધી જાય છે જ; પણ એ પદ વિશેષ પ્રાચીન હોવાનો સંભવ છે. જિન વર્ધમાન મહાવીરની પરંપરામાં વિકસેલ આગમોના પ્રાચીનતમ સ્તરમાં 'અર્હત્' શબ્દનો જવલ્લે જ પ્રયોગ થયો છે; પણ પાર્શ્વનાથની પરિપાટીના પ્રાચીન ગ્રંથ **ઈસિભાસિયાઈં** (ऋषिभाषितानि) અંતર્ગત તો નિર્ગ્રન્થદર્શનના ન હોય તેવા અન્ય તીર્થિકોના મહાપુરુષોને પણ આદરાર્થે બહુવચનમાં 'અરહા' કિંવા 'અર્હતો' કહ્યા છે જે વાત 'અર્હત્' શબ્દની પછીની નિર્ગ્રન્થમાન્ય વ્યાખ્યાને અનુરૂપ નથી. કલિંગ દેશની ગુફાનો ઉપર કથિત લેખ, જેમાં પંચપરમેષ્ઠી-મંગલના પ્રથમનાં બે પદ મળે છે, ત્યાં એ ગુફા 'અર્હતો' માટે સમ્રાટ ખારવેલે કોરાવી તેવો પણ ઉલ્લેખ છે. પણ પછીની માન્યતા અનુસાર, 'અર્હત્' શબ્દની કેવલી, સર્વજ્ઞ-ગુરુ તીર્થંકર સરખી સ્વીકારાયેલ વ્યાખ્યા પ્રમાણે અને શ્વેતાંબર પરંપરામાં તો સંભવિત નથી. જંબૂસ્વામીને ચરમ કેવલી ગણ્યા છે અને મહાવીર પછી અર્હતો સંભવી શકતા જ નથી. મહાવીરની પરંપરાના મુનિઓની ગણ-શાખાઓ-કુલોમાંથી કોઈ કલિંગનાં નગરો પરથી નિષ્પન્ન નથી થયાં[૧૪]; અને કલિંગનાં નગરો સંબંધના કોઈ ખાસ પ્રાચીન ઉલ્લેખો પણ પ્રાચીનતમ આગમ-સાહિત્યમાં નથી[૧૫]. આમ સંભવ છે કે આ કુમારગિરિની ગુફાઓ જે નિર્ગ્રન્થ મુનિઓ માટે કોરાવી તે પાર્શ્વનાથના સંપ્રદાયના હોય[૧૬]. કુમારગિરિની ગુફાથી પણ કદાચ થોડી વિશેષ પ્રાચીન પાલેની 'લેણ' એટલે કે 'લયન' કિંવા માનવસર્જિત ગુફા તો ભદંત ઇન્દ્રરક્ષિતે કોરાવ્યાનું ત્યાંના લેખમાં કથન છે[૧૭]. મહાવીરના સર્વથા અપરિગ્રહના ઉપદેશના પ્રભાવવાળી ઉત્તરની પરંપરામાં કોઈ નિર્ગ્રન્થ મુનિ પોતે 'લેણ' કોરાવે તે વાત અકલ્પ છે. ભદંત ઇન્દ્રરક્ષિત પણ પાર્શ્વનાથની પરંપરામાં થઈ ગયા હોવાનો સંભવ છે. કંઈક અંશે બૌદ્ધોને મળતી મધ્યમાર્ગી ચર્યા અનુસાર પાર્શ્વાપત્યો પોતે જ રસ લઈ ગુફાઓ કોરાવવાની છૂટ લેતા હોવાનો સંભવ નકારી શકાય નહીં[૧૮].

नमो अरहंतानंનો ઉલ્લેખ કરનાર આમ બે પ્રાચીનતમ શિલાભિલેખો પાર્શ્વનાથની પરંપરાના હોવાનો સંભવ છે. સંભવ એ પણ છે કે આ (અને તે પછીનું 'સિદ્ધ' સંબંધીનું મંગલપદ) પ્રથમ પાર્શ્વનાથની પરંપરામાં ઉદ્ભવ્યાં હોય અને તે પછી તે બન્ને જિન વર્ધમાન મહાવીરના સંઘમાં સ્વીકારવામાં આવેલ પાર્શ્વપરિપાટીના અનેક, 'પૂર્વ' નામથી ઓળખાતા વર્ગના, સિદ્ધાંતો-ગ્રંથોની વસ્તુ સાથે પ્રચલિત થયાં હોય, અને તેમાં શક-કુષાણ કાળ પછી વીરવર્ધમાનના સંપ્રદાયમાં બાકીનાં ત્રણ પદ ઉમેરવામાં આવ્યાં હોય.

પુનિત 'નમસ્કાર-મંગલ' 'નવકાર-મંત્ર'માં ક્યારે પરિવર્તિત થયો તે હવે જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પર્યંતારાધના** અપરનામ **આરાધનાપતાકા**માં મરણસમયની સમાધિને સ્પર્શતાં ક્રિયાભિમુખ ૩૨ દ્વારો ગણાવેલાં છે. તેમાં ૩૧મું દ્વાર 'નવકાર' છે[૧૯]; અને નવકાર સંબદ્ધ ત્યાં ૧૯ જેટલી ગાથાઓ આપી છે. વિશેષમાં ત્યાં 'નમસ્કારમંગલ'ને 'પરમ મંત્ર' અને દ્વાદશાંગના સારરૂપ ઘટાવ્યું છે : યથા :

**एसो परमो मंतो एसो सारो दुबालसंगस्स ।**
**एयं नेयं ज्ञेयं कल्लाणं मंगलं पत्थं ॥९०८॥**

(સ્વ૰) મુનિ પુણ્યવિજયજીએ આ કૃતિને તપાગચ્છીય દેવેંદ્રસૂરિના કાળ પછીની એટલે કે ૧૩મી સદી ઉત્તરાર્ધની માની છે[૨૦]. મધ્યયુગમાં રચાયેલી એક બીજી પણ **પર્યંતારાધના** (અપરનામ **આરાધનાસાર**) છે; તેમાં ૨૪ દ્વારથી અંતિમ આરાધના સંબદ્ધ વિચાર કર્યો છે : ત્યાં ૨૦મું દ્વાર 'નવકાર' છે, અને પાંચ ગાથા(૨૫૩-૨૫૭)માં અંતઃકાળે કરેલ નવકાર-(જાપ)ના ફલનો "વૈમાનિક દેવ" થવા સુધીનો અપાર મહિમા કથ્યો છે :

**पञ्चनमुक्कारसमा अंते वच्चंति जस्स दस पाणा ।**
**सो जइ न जाइ मुक्खं अवस्स वेमाणिओ होइ ॥२५४॥**
**नवकारपभावेणं जीवो नासेइ दुरियसंघायं ।**

પરંતુ આ યુગથી સારી રીતે જૂના કાળમાં રચાયેલી **આવશ્યકનિર્યુક્તિ**ની "નમસ્કાર-નિર્યુક્તિ"માં, કે **વિશેષાવશ્યકભાષ્ય**માં તેમ જ તે બન્ને ગ્રંથોની પુરાણી વૃત્તિઓના વિવેચનમાં, કે હરિભદ્રસૂરિની **આવશ્યકવૃત્તિ**(પ્રાયઃ ઈસ્વી ૭૫૦)માં તો 'નમસ્કાર મંગલ' કિંવા 'પંચપરમેષ્ઠી-નમસ્કાર' માટે 'નવકાર-મંત્ર' જેવો શબ્દ-સમાસ મળતો જ નથી; અને છતાંયે મધ્યયુગથી એને મંત્રરૂપે ઘટાવવામાં કેમ આવ્યું હશે ? કદાચ એનાં મૂળ **આવશ્યકનિર્યુક્તિ**ની બે ગાથાઓમાં રહેલાં છે જ્યાં નમસ્કારમંગલના ફલ રૂપે પરલૌકિક જ નહીં પણ ઐહલૌકિક લાભની પણ વાત કરી છે[૨૧]. મને લાગે છે કે "ઐહલૌકિકલાભ" તો મંગલની આકસ્મિક પેદાશ રૂપે જ ત્યાં ઘટમાન છે. એનો વ્યવહારમાં પ્રધાન હેતુ રૂપે ઉપયોગ કરવા જતાં તો નિર્ગ્રન્થ-દર્શનના પાયાની વીતરાગ-ભાવના એવં તદાધારિત વિમોક્ષના લક્ષ્યનો જ હ્રાસ થઈ જાય. વસ્તુતયા ભવચરિમ અવસ્થામાં જઈ રહેલ જીવને નમસ્કાર-મંગલમાં ચિત્ત પરોવવાથી કુશલ પરિણામની, પરિણામ-વિશુદ્ધિની, પ્રાપ્તિ થતાં શાંતિપૂર્વક સમાધિમરણ પામે એ હેતુની જ ત્યાં મુખ્યતા છે, એ જ વસ્તુ ત્યાં અભિપ્રેય છે.[૨૨] અન્યથા, સામાન્ય રોજિંદા જીવનમાં, કાયોત્સર્ગાદિ નિત્યધર્મ કિંવા વિશુદ્ધિ ક્રિયાઓમાં, આ મંગલના પઠનનો હેતુ ચિત્તને ઊંચી ભૂમિકાના ભાવોમાં સ્થિર કરવાનો અને પ્રશાંતરાગ અવસ્થામાં લઈ જવાનો છે. અલબત્ત, આજે નમસ્કાર-મંગલની ઉત્પત્તિ એવં ક્રમિક વિકાસની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, તેમ જ તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસલી વિભાવ અને વિભાવનાની વાત બહુ થોડી વ્યક્તિઓને ગળે ઊતરી શકે : સંપ્રદાયમાં તેનો સ્વાભાવિક જ સ્વીકાર થઈ શકે નહીં. મધ્યકાળથી 'નમસ્કાર મંગલ' 'નવકાર-મંત્ર'માં પરિણીત થઈ જવાથી મંગલનો મૂલ આશય જ પલટાઈ ગયો છે અને તેમાં નવા જ અર્થો રૂઢ થઈ ચૂક્યા છે, એટલે એ સ્થિતિમાં હવે ફેરફાર થઈ શકે નહીં[૨૩], કે ન તો આ લેખ લખવામાં એવો હેતુ સન્નિહિત છે. અહીં તો કેવળ ઐતિહાસિક દૃષ્ટિએ ઉપલબ્ધ પ્રમાણોના આધારે આ વિષય પર વિચાર કરી જોયો છે[૨૪].

## ઉપસંહાર

ઉપરની સમીક્ષામાંથી નીપજતાં તારતમ્યો સાર રૂપે નીચે મુજબ ઘટાવી શકાય :

(૧) અતિ પ્રસિદ્ધ અને પ્રચલિત 'નમસ્કાર-મંગલ' કિંવા 'પંચપરમેષ્ઠી-નમસ્કાર' પ્રાચીન કાળે એક યા બે પદો જ ધરાવતું હતું તેમ પ્રાચીનતમ, પ્રાયઃ ૨૨૦૦-૧૭૦૦ વર્ષ પૂર્વેના, શિલાભિલેખોના આધારે કહી શકાય. તેમાં બાકીનાં ત્રણ પદો મોટે ભાગે શક-કુષાણ યુગમાં ઉમેરવામાં આવેલાં હોય તેવો **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, ઉત્તરાધ્યયનસૂત્ર,** તેમ જ **વ્યવહારસૂત્ર**ના આધારે તર્ક થઈ શકે.

(૨) પ્રસ્તુત મંગલના પ્રથમનાં બે પદોનો પ્રાદુર્ભાવ પાર્શ્વનાથના સંપ્રદાયમાં થયો હોવાનો સંભવ છે. અને મુખ્ય પાંચ પછીનાં વધારાનાં પ્રશસ્તિરૂપનાં ચાર પદો અનુગુપ્તકાલમાં, છઠ્ઠી શતાબ્દીના આરંભે, મોટે ભાગે તો નિર્યુક્તિકારના સમયમાં દાખલ થયાનું જણાય છે : પ્રથમ પદમાં મૂળ 'અરહંત' શબ્દ હતો; 'અરહંત' શબ્દનું 'અરિહંત' રૂપાંતર ગુપ્તયુગના ઉત્તરાર્ધમાં થયું અને તે કારણસર પછીથી અસલી અર્થમાં પણ પરિવર્તન આવ્યું. (અને આજે તો તેમાં મોઢા આગળ બ્રાહ્મણીય ત્રિપુરુષદેવના પ્રતીક પવિત્ર ૐકારને પણ ઉમેરી દેવામાં આવ્યો છે !) (જૈન પરંપરામાં માંત્રિક-તાંત્રિક યુગમાં ઓમ્કારનો પ્રવેશ પ્રાયઃ ઈસ્વી આઠમા શતકમાં થયેલો હોવાનું જણાય છે.)

(૩) માહેશ્વર-દર્શનના **नमः शिवाय** અને ભાગવત-દર્શનના **नमो भगवते वासुदेवाय** સરખા નમસ્કાર-મંગલ જેવી જ, કેવળ સુવિનય અને વિનમ્રતાપૂર્વકના નમનની, સાદર પ્રણામની, ભાવના મૂળમાં **नमो अरहंतानं** પદમાં પણ સન્નિહિત હોય તેમ લાગે છે. પણ જેમ પ્રથમ કથિત મંગલોનો માંત્રિક-તાંત્રિક રૂપે યંત્રો-મંડલોમાં લગાવ થયો, તેમ નિર્ગ્રન્થોના 'નમસ્કાર મંગલ'ની પણ એ જ દશા થઈ.

(૪) ગુપ્તકાળથી ભારતમાં માંત્રિક સાધનાનો પ્રભાવ ઘણો વધ્યો હતો અને એ જ રીતે ગુપ્તોત્તરકાળથી તાંત્રિકતાનો, જેના પ્રભાવની ઝપટમાંથી નિર્ગ્રન્થ દર્શન બચી શકેલું નહીં. નિર્દોષ અને સરળ નમસ્કાર-મંગલ વિશેષ કરીને મધ્યકાળથી 'નવકાર-મંત્ર' રૂપે ઘટાવાયું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્યાંક આધ્યાત્મિકતાના, આત્મોન્નતિના ઓઠા નીચે, તો ક્યાંક ઉઘાડે છોગે, આગમોની આજ્ઞાની છડેચોક, ખુલ્લે આમ વિરુદ્ધ જઈને, કરામતી માંત્રિક કોઠાઓ સહિત, અને ક્યાંય ક્યાંય પદ્મદલનાં વલયોની તાંત્રિક આલેખનાઓ સાથે તેની અદ્ભુત ચમત્કાર શક્તિની, તેમાં છુપાયેલાં ગહન અને ગૂઢતમ રહસ્યોની, તેનાં ૧૦૮, હજાર, કે લાખવાર કરેલા જપના પ્રભાવથી ઉત્પન્ન થતા બેસુમાર લાભ આદિની માન્યતાઓ બંધાઈ, જે બધી મોડેની છે, અને એ સૌ એષણાપરક આસ્થાની સંતુષ્ટિ માટેની છે. ભૌતિક લાભોને એક કોર રાખીને જેને આ પવિત્ર 'મંગલ'ના એકાગ્ર ચિત્તે કરેલ પાઠથી આધ્યાત્મિક અનુભૂતિ થતી હશે, શાંતિ મળતી હશે, તેની પાછળ તેનાં પદોની માની લેવાયેલ માંત્રિક શક્તિ કામ કરી જતી હશે, કે પછી ધ્યાનકર્ત્તાની અતૂટ શ્રદ્ધા અને એની પડછે રહેલી સ્વકીય આત્મશક્તિ કામ કરી જતી હશે તેનો નિર્ણય તો મનોવૈજ્ઞાનિકો અને યોગીઓ જ કરી શકે. સાંપ્રત લેખનો ઉદ્દેશ તો નમસ્કારમંગલની સંરચના પાછળની ઐતિહાસિક ભૂમિકાનાં કેટલાંક પાસાંઓનો ઉપલબ્ધ પ્રમાણોના આધારે નિર્દેશ માત્ર કરવાનો છે.

(૫) મૂળ અર્ધમાગધી ભાષા અનુસાર 'નમસ્કાર મંગલ'નો અસલી પાઠ નીચે મુજબ થાય :

**नमो अरहंतानं**
**नमो सिद्धानं**
**नमो आयरियानं**
**नमो उवज्झायानं**
**नमो लोगे[२५] सव्वसाधूनं[२६]**

## પરિશિષ્ટ

પશ્ચાત્કાલીન પ્રબંધાદિ સાહિત્યમાં સિદ્ધસેન દિવાકરે આ પાંચ પદયુક્ત અર્ધમાગધી મંગલને સંસ્કૃત ભાષામાં એક પદમાં જ વિન્યાસ કરીને રચ્યાનું કહેવાય છે : યથા नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः । જેના બદલામાં તેમને સંઘ બહાર મૂકેલા એવો પ્રઘોષ છે. પરંતુ (દ્વિતીય) **આતુરપ્રત્યાખ્યાન**(પ્રાક્‌મધ્યકાલીન)માં આ પાંચ પદોને એક ગાથામાં અને **આરાધનાપતાકા** અપરનામ **પર્યંતારાધના**માં મૂળ મંગલ અતિરિક્ત પ્રશસ્તિનાં ચાર પદોનો ભાવ લઈ બે ગાથામાં યોજી દીધાં છે તે વાત વિચારમાં નાખી દે છે[૨૭] : યથા :

**नमो अरहंताणं सिद्धाणं नमो य सुह समिद्धाणं ।**
**आयरिउवज्झायाणं नमो नमो सव्वसाहूणं ॥**

**— आतुरप्रत्याख्यान. २६**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા

**अरहंताणं तु नमो नमोऽत्थु सिद्धाणं तह य सूरीणं ।**
**उवज्झायाणं च नमो, नमोऽत्थु सव्वेसि साहूणं ॥**
**इय पंचनमोक्कारो पावाण पणासणो असेसाणं ।**
**तो सेसं चइऊणं सो गज्झो मरणकालम्मि ॥**

—**आराधनापताका**, ९०३-९०४

(અહીં બીજા દૃષ્ટાન્તમાં 'આચાર્ય'ને સ્થાને 'સૂરિ' શબ્દનો પ્રયોગ થયો છે તે વાત પણ નોંધપાત્ર છે. રચના મધ્યકાલના પ્રારંભની કે તે પૂર્વની હોવાનો સંભવ છે.)

આ ગાથાઓના સર્જકોને સજા થઈ હોય તો તેના નિર્દેશ પ્રાપ્ત નથી. સંભવ છે કે પ્રાકૃતમાં ગુંફન કરવાને કારણે આ પ્રવૃત્તિ એટલી અપરાધપાત્ર નહીં ગણાઈ હોય, જેટલી સંસ્કૃતમાં સમાસ રૂપે પ્રસ્તુત કરવામાં હોય. (આમાંથી **આરાધનાપતાકા**ની બે ઉપર્યુક્ત ગાથાઓ અભયદેવસૂરિ વિરચિત **આરાધનાપ્રકરણ**માં પણ [ગાથા ૭૮-૭૯ રૂપે] મળી આવે છે[૨૮] : ત્યાં गज्झो ને બદલે गेज्झयो રૂપ છે)[૨૯].

## પરિશિષ્ટ

મૂળ લેખ તો પંદરેક વર્ષ પૂર્વે તૈયાર થઈ ગયેલો, પણ થોડો અધૂરો હતો એટલે પ્રકાશનાર્થે ક્યાંય મોકલ્યો નહોતો. દરમિયાન સાધ્વી સુરેખાશ્રીજીનો "पंचपरमेष्ठि मन्त्र का कर्तृत्व और दशवैकालिक" નામક લેખ **श्रमण** વર્ષ ૪૨, અંક ૭-૧, વારાણસી જુલાઈ-ડિસેમ્બર ૧૯૯૧, પૃ૦ ૧-૧૦ પર પ્રકાશિત થયેલો જોવા મળ્યો. તેમાં તેમણે **દશવૈકાલિકસૂત્ર** ૫.૧.૧૨૪નું ચરણ ઉટ્ટંકિત કર્યું છે, જે મહત્ત્વનું છે : યથા :

णमोक्कारेण पारेत्ता करेत्ता जिनसंथवं ।

એનો પૂર્વાપરસંબંધ જોતાં નમસ્કારમંગલથી કાયોત્સર્ગ પારવાની વાત છે અને તે પછી 'જિનસ્તવ' કહેવાની વાત પરિલક્ષિત છે. અગસ્ત્યસિંહની **દશવૈકાલિક-ચૂર્ણિ** (પ્રાય : ઈસ્વી ૫૭૫-૫૬૦) અને **દશવૈકાલિક**ની **દ્વિતીય ચૂર્ણિ**(પ્રાયઃ ઈસ્વી ૬૭૫-૭૦૦)માં આપેલું વિવરણ પણ ઉપર્યુક્ત અર્થઘટનનું સમર્થન કરે છે. પણ આમાં બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે : (૧) 'નમસ્કાર'થી ત્યાં પૂરા પાંચ પદનું મંગલ હોવાનું સૂચિત છે ખરું ? (૨) **દશવૈકાલિક સૂત્ર** આર્ય શય્યંભવ(કે સ્વાયંભૂવ)નું રચેલું મનાય છે. એથી તેનો સમય ઈસ્વીસન્ પૂર્વે ચોથી શતાબ્દીના પૂર્વાર્ધનો ઠરે. પરંતુ મેં અન્યત્ર ચર્ચા કરી છે તેમ **દશવૈકાલિકસૂત્ર**ના તો પહેલા બે જ અધ્યયન અને તેમાં અન્યત્રે છૂટક પદ્યો જ આર્ય શય્યંભવનાં છે[૩૦]. બાકીનું બધું મૌર્યકાળથી લઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈસ્વીસન્‌ના પ્રારંભ સુધીમાં અન્યો દ્વારા રચાયું છે. બીજી વાત એ છે કે 'જિનસંસ્તવ'થી ચૂર્ણિકારોને 'લોગસ્સસ્તવ' અભિપ્રેય છે, પણ આ સ્તવ તો આર્ય શ્યામ (પ્રથમ) રચિત **પ્રથમાનુયોગ**(અનુપલબ્ધ : પ્રાય૰ ઈ૰ સ૰ પૂ૰ ૫૦ - ઈસ્વી ૫૦)ના ઉપોદ્‌ઘાત મંગલરૂપે હોય તેવી જોરદાર શક્યતા છે. (**પ્રથમાનુયોગ**માં ૨૪ તીર્થંકરોનાં ચરિત્રો હતાં. અને ઉપર્યુક્ત સ્તવમાં ૨૪ જિનોનાં નામ આપી સંક્ષિપ્તમાં સ્તુતિ કરેલી છે.) આ જોતાં **દશવૈકાલિકસૂત્ર**ના સંદર્ભગત 'નમોક્કાર' અંતર્ગત એમાં પાંચ પાંચ પદો હોવાનું વિવક્ષિત હોય તોપણ આ અધ્યયન શય્યંભવના કાળથી ઠીક ઠીક મોડું હોઈ ઉપરની મૂળ ચર્ચામાંથી જે નિષ્કર્ષો કાઢ્યા છે તેને જફા પહોંચતી નથી.

ટિપ્પણો :

૧. દુર્ભાગ્યે અમદાવાદની જૈનાદિ સંસ્થાઓમાં પ્રસ્તુત પુસ્તક ન હોઈ અહીં તેનો સંદર્ભ ટાંકી શકાયો નથી. પ્રસ્તુત પુસ્તક અંગ્રેજી પ્રસ્તાવના સમેત (સ્વ૰) નથમલ ટાટિયા દ્વારા સંપાદિત થઈ, મોટે ભાગે નાલંદા (કે પછી વૈશાલી) સંસ્થાન તરફથી પ્રકટ થયું હોવાનું આછું સ્મરણ છે.

૨. આ 'નોકાર' પરથી 'નોકારશી' શબ્દ ઊતરી આવેલો છે.

૩. આ પદો દિગંબર પરંપરામાં પણ, અલબત્ત શૌરસેની સ્પર્શ સહિત, પ્રચારમાં છે.

૪. **નિર્યુક્તિ સંગ્રહ**, હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક : ૧૮૯, સં૰ વિજયજિનેન્દ્રસૂરિ, લાખાબાવળ ૧૯૮૯, પૃ૰ ૯૯, ગાથા-૧૦૧૮.

૫. H. D. Sankalia, "Earliest Jain Inscription from Maharastra," *Mahavira and His Teachings, Eds :* A. N. Upadhye *et al*, Bombay 1977, P. 394.

૬. पं० विजयमूर्ति, जैन शिलालेखसंग्रह : દ્વિતીય ભાગ, માણિકચંદ્ર-દિગમ્બર-જૈન ગ્રંથમાળા-પુષ્પ-૪૫ મુંબઈ, વિ૰ સં૰ ૨૦૦૯, ઈ૰ સ૰ ૧૯૫૨, પૃ૰ ૧૭ લેખાંક ૧૪-૧૫, પૃ૰ ૪૮ લેખાંક, ૭૧-૭૨-૭૩ પૃ૰ ૫૧ લેખાંક ૮૦.

૭. એજન પૃ૰ ૪ લેખાંક ૨.

૮. **વિયાહપણ્ણત્તિસુત્તં**, પ્રથમ ભાગ, જૈન-આગમ-ગ્રંથમાલા, ગ્રંથાંક ૪ (ભાગ ૧) સં૰ પં૰ બેચરદાસ જીવરાજ દોશી, મુંબઈ ૧૯૭૪, પૃ૰ ૫૦૧.

૯. ટિપ્પણ ૧ મુજબ.

૧૦. વર્તમાને તો સર્વત્ર આ ખોટો અર્થ જ પ્રચારમાં છે.

૧૧. જુઓ उत्तरज्झयणाइं, જૈન આગમ-ગ્રંથમાલા ગ્રંથાંક ૧૫, સં૰ મુનિ પુણ્યવિજય, મુંબઈ ૧૯૭૭, પૃ૰ ૧૬૬, ૧૭-૪-૫ ઇત્યાદિ.

૧૨. **વ્યવહારસૂત્ર**ના વિનય સંબદ્ધ કેટલાંક કથનો.

૧૩. **આવશ્યકચૂર્ણિ**માં **नमोसव्व साधुनं** એવો પાઠ મળે છે. **लोगे** શબ્દ છોડી દીધો છે, કદાચ એટલા માટે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોગ બહાર તો સાધુઓ (કે કોઈ પણ જીવિત જીવ) હોતા જ નથી.

૧૪. આ વાત **પર્યુષણાકલ્પ**ની 'સ્થવિરાવલી'થી, અને મથુરાના કુષાણકાલીન અભિલેખોમાં મળી આવતા અનેક ગણ, શાખા, અને કુલાદિ સંબંધી મળી આવતી માહિતીને આધારે સ્પષ્ટ રૂપે સિદ્ધ થઈ જાય છે.

૧૫. અપવાદરૂપે દ્વિતીય આર્યશ્યામ વિરચિત **પ્રજ્ઞાપનાસૂત્ર** (પ્રાયઃ ઈસ્વી ૩જી સદી) અંતર્ગત ૨૪-૧/૨ દેશો અને તેની રાજધાનીઓનાં નામ ગણાવ્યાં છે, તેમાં કલિંગદેશની રાજધાનીરૂપે કાંચનપુર ગણાવ્યું છે.

૧૬. અલબત્ત આ એક સંભવિત ધારણા માત્ર છે.

૧૭. *Cf.* H. D. Sankalia, "Earliest Jaina Inscription from Maharashtra," *Mahāvīra and His Teachings, Eds.* A. N. Upadhye *et el*, Bombay 1977, pp. 389-394 and plate there of.

૧૮. પાર્શ્વાપત્યોના સામાચારિ સંબદ્ધ નિયમો બહુ ચુસ્ત નહોતા, એ વાત સુવિદિત છે. જુઓ "Arhat Pārśva and Dharaṇedra Nexus : An Introductory Estimation," *Arhat Pārśva. and Dharnendra Nexus,* Delhi 1997.

૧૯. જુઓ, **पइण्णयसुत्ताइं** ભાગ ૨, જૈન-આગમ-ગ્રંથમાલા, ગ્રંથાંક ૧૭, ભાગ ૨, સં૰ પુણ્યવિજય મુનિ, મુંબઈ ૧૯૮૭, પૃ૰ ૮૨.

૨૦. મેં આ કયા આધારે લખ્યું છે તેની નોંધ સામે ન હોઈ ગ્રંથ ટાંકી શકાયો નથી. આ ટાંકણે પૂરી કૃતિને ફરીથી જોઈ જતાં તેમાં અનેક જુદા જુદા સમયે રચાયેલી, આરાધના સંબંધ જૂની કૃતિઓમાંથી ગાથાઓ સંગ્રહી લીધી હોય તેવું સ્પષ્ટ થાય છે.

૨૧. अरहंतुं वएसेणं सिद्धा नज्जातं तेण आरहाई ।
नवि कोई परिसाए पणमित्ता पणमई रज्जो ॥१०२२॥

इत्थ य पओअणमिणं कम्मक्खओ मंगलागमो चेव ।
इहलोअ परलोईअ दुविह णालं तत्थ दिट्ठंता ॥१०२३॥

૨૨. છતાં આજે તો એ ભાવનાથી તદ્દન વિરુદ્ધનાં જ માન્યતા અને વર્તન ચારે તરફ જોવા મળે છે, જે શોચનીય છે.

૨૩. મુનિજનો પણ એવું જ માનતા હોય તેવું લાગે છે, એટલે નમસ્કાર-મંગલના મૂળ આશય તરફ વળવાનું હવે તો અસંભવિત છે. રૂઢિ-પરસ્તી છોડાવવા માટે કોઈ સમર્થ નથી.

૨૪. પ્રો૰ બંસીધર ભટ્ટે મને Münster (Germany)થી આ સંદર્ભમાં નોંધ મોકલી છે જે વિચારણીય છે :

अर्हनुं अरिह (ar'ha) અથવા अरह (arᵃha).

આ બંને રૂપો પ્રાતિશાખ્યોના નિયમ મુજબ થઈ શકે છે, ને તે તેટલાં જ ઈ૰ સ૰ પૂર્વે ૧૦/૯મી સદી- જૂનાં ગણાય. પાણિનિ પણ સ્વરભક્તિ(૮.૪.૪૬....)માં તે જણાવે છે આ રીતે आर्य > आरिय., वर्ष > वरिस તે બધાં sibilantsથી થાય છે; ઈત્યાદિ

ખારવેલના લેખમાં પણ ''अरहतण gen. Plનું રૂપ છે. આપ જોશો, મને એમ લાગે છે કે ત્યાં = ण-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. (શ્રી ભટ્ટના છેલ્લા સૂચન અંગે દિનેશચંદ્ર સરકારની ખારવેલના હાથીગુંફા અભિલેખની વાચના જોઈ તેના આધારે નિર્ણય લેવો જોઈએ.)

૨૫. 'લોગે' શબ્દ **આવશ્યકચૂર્ણિ**ના પ્રમાણને ધ્યાનમાં લઈએ તો કદાચ મૂળમાં ન પણ હોય.

૨૬. પ્રચલિત 'સાહુણં' મહારાષ્ટ્રી પ્રાકૃત અનુસારે બની ગયું છે. મૂળમાં અર્ધમાગધી 'સાધૂનાં' અનુસાર હોવું ઘટે.

૨૭. **पइण्णयसुत्ताइं**, પ્રથમ ભાગ, જૈન-આગમ-ગ્રંથમાલા, ગ્રંથાંક ૧૭. સં૰ પુણ્યવિજયમુનિ, મુંબઈ ૧૯૮૪, પૃ૰ ૩૦૭.

૨૮. **पइण्णयसुत्ताइं** ભાગ ૨, પૃ૰ ૮૨. પ્રસ્તુત ગાથા એ જ ગ્રંથમાં અભયદેવસૂરિના **આરાધનાપ્રકરણ** (પ્રાયઃ ઈસ્વી ૧૦૭૫)માં પણ ગાથા ક્રમાંક ૭૮ રૂપે મળે છે.

૨૯. જુઓ **पइण्णयसुत्ताइं** ભાગ ૨, પૃ૰ ૨૩૦-૩૧.

૩૦. જુઓ મારો અંગ્રેજીમાં લેખ; "The Earliest Portions of Daśavaikālika-Sūtra", *Researches in Indian and Buddhist Philosophy, Ed.* Ram Karan Sharma, Delhi 1993, pp. 179-193.

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org